# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=================================================================

**અખબારી યાદી** **૧૨-૦૭-૨૦૨૪**

- **બોપલ-ઘુમા ગામના ગામતળના રહીશોને મહાનગરપાલિકા (AMC) નો દરજ્જો માત્ર તગડો મિલકત વેરો ભરવા માટે છે ? -મનહર પટેલ**
- **બોપલ-ઘુમાના રહીશો નગરપાલિકાને ૨૪૪૪/- રુપિયાનો મિલકત વેરો ચુકવતા હતા અને AMC ત્રણ ગણો વેરો (૭૪૨૦/- રુપિયા) વસુલે છે. -મનહર પટેલ**
- **AMC સામાન્ય કર/મિલકત વેરો ઉપરાંત યુઝર્સ ચાર્જ અને ઈ આઈ ચાર્ઝના નામે જનતાને લુટે છે.- મનહર પટેલ**
- **અમદાવાદ મહાનગરમા સામેલ થયેલ સુવિધાથી સંપુર્ણ વંચિત બોપલ-ઘુમા વિસ્તારની મિલકતો ઉપર નાખેલ તગડા મિલકત વેરા AMC પરત ખેચે. - મનહર પટેલ**

બોપલ-ઘુમા નગરપાલિકાએ ૨૦૧૯-૨૦૨૦ નો છેલ્લો મિલકત વેરો વસુલ કરેલ અને ત્યારબાદ બોપલ-ઘુમા નગરપાલીકા વિસ્તાર અમદાવાદ મહાનગરપાલિકામા વિલિનિકરણ થયેલ.એટલે બોપલ-ઘુમા વિસ્તારમા ટીપી પડવાથી સ્થાનિક રહીશોને પાયાની સુવિધા તેમજ હયાત સુવિધા ઉપરાંત વિશેષ સુવિધાની મોટી અપેક્ષા હતી, પરંતુ આજે આ તમામ વિસ્તારમા બિસ્માર રોડ,રોડ ઉપર ભુવાઓ,ખુલ્લા ગટરના ઢાંકણા, ત્રાસા ઇલે.પોલ ઉપર ઢીલા તાર,ગટરની કે અન્ય ગંદકી અને કચરાના ઢગ, રસ્તાની બન્ને બાજુ લાગેલા આડેધાડ સાયન બોર્ડ અને ટ્રાફિક સમસ્યાના મુદ્દાથી બોપલ-ઘુમા વિસ્તારની જનતા ત્રસ્ત જોવા છે.અને AMC ના તગડા મિલકત વેરા ભોગવે છે.

બોપલ-ઘુમા ગામની સીમની ટીપી પડી તે પહેલાનો બોપલ-ઘુમા ગામની હદમા આવતો જુનો એટલે કે ૨૦૧૯-૨૦ પહેલાનો રહેણાંક વિસ્તાર જે પહેલા ગ્રામ પંચાયત અને ત્યાર બાદ નગરપાલિકાના નિયંત્રણ નીચે હતો જે આજે બદથી બદતર છે, તેઓ માટે તો અમદાવાદ મહાનગરપાલિકાનો દરજ્જો માત્ર તગડો મિલકત વેરો ભરવા માટે જ મળ્યો તેવી હાલત છે. બોપલ-ઘુમાના રહીશો નગરપાલિકાને ૨૪૪૪/- રુપિયાનો મિલકત વેરો ચુકવતા હતા અને આજે AMC ત્રણ ગણો વેરો (૭૪૨૦/- રુપિયા) વસુલે છે,વધારામા બોપલ-ઘુમાના રહીશો AMC તગડા સામાન્ય કર/મિલકત વેરો ઉપરાંત યુઝર્સ ચાર્જ અને ઈ આઈ ચાર્ઝના નામે જનતાની ઉઘાડી લુટ કરી રહી છે,

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા શ્રી મનહર પટેલે અમદાવાદ મહાનગરના બોપલ-ઘુમાના રહીશો માટે માંગ કરી છે કે બોપલ-ઘુમા વિસ્તાર અમદાવાદ મહાનગર (AMC) નીચે આવ્યો છતાં પાયાની સુવિધાથી વંચિત છે તે ખામી ખરાબી દુર કરવામા આવે.

અમદાવાદ મહાનગરમા સામેલ થયેલ સુવિધાથી સંપુર્ણ વંચિત બોપલ-ઘુમા વિસ્તારની મિલકતો ઉપર નાખેલ તગડા મિલકત વેરા AMC પરત ખેચે.

**બોપલ-ઘુમા નગરપલિકા અને અમદાવાદ મહાનગરપાલિકા તરફથી વસુલવામા આવતા મિલકત વેરાની વિગતઃ**

| **ક્રમ** | **વેરાની વિગત** | **રકમ (રુપિયા)** | |
|---|---|---|---|
| | | **બોપલ-ઘુમા નગરપાલિકાનુ છેલ્લુ (વર્ષ ૨૦૧૯-૨૦)** | **અમદાવાદ મ્યુનિસિપલ કોર્પો. (૨૦૨૪-૨૫)** |
| ૧ | સામાન્ય કર / મિલ્કત વેરો | ૧૩૭૫ | ૩૭૪૫ |
| ૨ | પાણી કર | ૬૦૦ | ૧૧૨૪ |
| ૩ | સફાઇ કર | ૨૦૦ | ૧૧૨૪ |
| ૪ | લાઇટ વેરો | ૨૦૦ | - |
| ૫ | શિક્ષણ ઉપકર | ૬૯ | ૫૬૨ |
| **૬** | **યુઝર્સ ચાર્જ** | **-** | **૩૬૫** |
| **૭** | **ઇ આઇ ચાર્જ** | **-** | **૫૦૦** |
| | | **૨૪૪૪** | **૭૪૨૦** |

**મનહર પટેલ**
**પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**બિલ**

મહાનગર સેવા સદન

ધી ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ના શિડ્યુલ(અ)ના પ્રકરણ ૮ના
વિનિયમ ૩૯ પ્રમાણે અને ગુજરાત રાજ્ય સરકારના ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) અધિનિયમ-૨૦૦૬ મુજબનું બિલ

| | |
|---|---|
| કર ભરવાને પ્રથમ પાત્ર વ્યક્તિનું નામ<br>[redacted] | મુદત (વર્ષ)<br>2024-25 |
| સરનામું<br>[redacted] BOPAL , AHD , , ,<br>Ahmedabad , 380058 | બિલ તારીખ<br>28-JUN-2024<br>બિલ ભરવાની છેલ્લી તારીખ<br>06-AUG-2024 |
| ઓક્યુપાયર (કબજેદાર) નું નામ SELF .0 | વ્યાજ ગણ્યા તારીખ<br>20-JUN-2024 |

| વોર્ડ નં. | વોર્ડનું નામ | બિલ નંબર | ટેનામેન્ટ નંબર |
|---|---|---|---|
| [redacted] | | | |

| T.P./G.T./R.S/R.B. | ફા. પ્લોટ નં./સીટી સર્વે નં./સર્વે નં./બ્લોક નં. | વોટર ઝોન માં છે? (YES/NO) | સરકારી મિલકત છે? (YES/NO) |
|---|---|---|---|
| -- | - | YES | NO |

| વપરાશનું ક્ષેત્રફળ (ચો.મી) (A) | વેરાનો દર (R) | રહેઠાણ-બિન રહેઠાણ | સ્થળ પરિબળ: પ્રકાર | સ્થળ પરિબળ: પરિબળ (F1) | ઉંમરનું પરિબળ: ઉંમર (પૂરા વર્ષમાં) | ઉંમરનું પરિબળ: પરિબળ (F2) | ભોગવટાનું પરિબળ: પ્રકાર | ભોગવટાનું પરિબળ: પરિબળ (F4) |
|---|---|---|---|---|---|---|---|---|
| 240 | 20.4 | Residential | C | 0.9 | 20 | 0.85 | Self | 1 |

| યુઝેજ કોડ | બિન રહેઠાણ માટે ઉપયોગનો પ્રકાર/રહેઠાણ માટે ઇમારતનો પ્રકાર | પરિબળ (F3) | બિલ કોડ |
|---|---|---|---|
| ઉપયોગના પ્રકારનું પરિબળ | | | |
| 2 | Tenement | 1 | 12 |

| વિગત | જુની ફોર્મ્યુલા બાકી | નવી ફોર્મ્યુલા બાકી | નવી ફોર્મ્યુલા ચાલુ |
|---|---|---|---|
| સામાન્ય કર | 0 | 0 | 3745 |
| પાણી કર (વોટર ટેક્ષ) | 0 | 0 | 1124 |
| સફાઈ કર (કોન્ઝર્વન્સી ટેક્ષ) | 0 | 0 | 1124 |
| વોટર સુઅરેજ ચાર્જ | 0 | 0 | 0 |
| વોટર મીટર ચાર્જ | 0 | 0 | 0 |
| યુઝર ચાર્જ | 0 | 0 | 365 |
| વ્યાજ | 0 | 0 | 0 |
| નોટિસ ફી | 0 | 0 | 0 |
| વોરંટ ઇસ્યુ ફી/બજવણી ફી | 0 | 0 | 0 |
| ઇ આઇ ચાર્જ | | 0 | 500 |
| કુલ મિલકત વેરો | 0 | 0 | 6858 |
| શિક્ષણ ઉપકર | 0 | 0 | 562 |
| કુલ વેરો | 0 | 0 | 7420 |
| એડવાન્સ ભરેલી રકમ | | | 0 |
| ભરવા પાત્ર વેરાની ચોખ્ખી રકમ | 0 | 0 | 7420 |

| મ્યુ. મિલકત ભાડું +GST | પાછલુ બાકી ભાડું | ચાલુ વર્ષનું ભાડું | કુલ ભાડું | ભરવા પાત્ર કુલ રકમ ₹ |
|---|---|---|---|---|
| | 0 | 0 | 0 | 7420 |

બિલની રકમ અંકે રૂપિયા : Seven Thousands Four Hundred and Twenty Rupees Only

નોંધ:
- ભરવાપાત્ર મિલકતવેરાની ગણતરી કાયદા/નિયમો મુજબ મળતા વળતરને બાદ કર્યા પછીની બતાવવામાં આવે છે.
- ૨૦૨૩/૨૪ અંદાજપત્ર ઠરાવ મુજબ એન્વાયરમેન્ટ ઈમ્પ્રુવમેન્ટ ચાર્જ તા. ૧.૪.૨૦૨૩ થી દાખલ કરવામાં આવેલ છે.
- ૨૦૨૪/૨૫ અંદાજપત્ર મુજબ વેરાના દરમાં ૨%નો વધારો કરેલ છે.

(ડી. બેનરજી)
એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટર

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**ડીમાન્ડ નોટિસ**

જી.પી.એમ.સી. એક્ટ શિડ્યુલ "અ" ના પ્રકરણ-૮ વિનિયમ ૪૧ મુજબ માંગણાની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે તા. 20-JUN-2024 સુધી લ્હેણી થતી મિલકત વેરાની તથા શિક્ષણ ઉપકરની રકમ રૂા. 0 + વ્યાજ આપે મ્યુનિ. કાર્યાલયમાં ભરેલી નથી તે રકમની અમદાવાદ શહેરના મ્યુ. કમિશનરશ્રી તમારી પાસે માંગણી કરે છે. જે દિન ૧૫માં ભરવામાં નહીં આવે અથવા મ્યુ. કમિશનરશ્રીને સંતોષ થાય તેવું રકમ ન ભરવા માટેનું વાજબી કારણ દર્શાવવામાં નહીં આવે તો, તે રકમ ખર્ચ સાથે વસુલ કરવા માટે ટાંચ અથવા જપ્તીનું વોરંટ કઢાશે.

Scan this QR code for Payment

સૂચનાઓ માટે પાછળ જુઓ

INDIA'S FIRST World Heritage City AMDAVAD GUJARAT, INDIA

(ડી. બેનરજી)
એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટર

સ્વચ્છ અમદાવાદ : હરિયાળુ અમદાવાદ

પ્રોપર્ટી ટેક્ષ બિલમાં દર્શાવેલ QRકોડ સ્કેન કરીથી ઓનલાઈન પેમેન્ટ કરી શકાશે.

..... રકમ પૂરા રૂપિયામાં દર્શાવેલ છે.....

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પરથી પ્રોપર્ટી ટેક્ષનું ઓનલાઈન પેમેન્ટ કરી શકાશે.

Lot - 01 / NORTH WEST / 0681 / 01409

મ્યુનિસિપલ એકાઉન્ટ કોડ નમુનો નં. ૪૧ નિયમ ૬૮/૧/૮૫

# બોપલ-ઘુમા નગરપાલીકા

## વેરો ભર્યા બદલની પહોંચ

| | | | |
|---|---|---|---|
| મિલ્કત નંબર | : [redacted] | વર્ષ | : 2019-2020 |
| માલિકનું નામ | : [redacted] | રસીદ નં. | : [redacted] |
| કબજેદારનું નામ | : [redacted] | રસીદ તા. | : 06/06/2019 |
| સરનામું | : [redacted] | મોબાઈલ | : 0 |

| કરનું નામ | પાછલી વસુલાત | ચાલુ વસુલાત | કુલ વસુલાત |
|---|---|---|---|
| મિલ્કત વેરો | 0.00 | 1375.00 | 1375.00 |
| સા. પાણીવેરો | 0.00 | 0.00 | 0.00 |
| સફાઈ વેરો | 0.00 | 200.00 | 200.00 |
| લાઈટ વેરો | 0.00 | 200.00 | 200.00 |
| એડવાન્સ | -6.00 | 12.00 | 6.00 |
| નોટીસ ફી | 0.00 | 0.00 | 0.00 |
| ખાસ પાણીવેરો | 0.00 | 600.00 | 600.00 |
| અન્ય વેરો | 0.00 | 0.00 | 0.00 |
| શિક્ષણ ઉપકર | 0.00 | 69.00 | 69.00 |
| કુલ | -6.00 | 2456.00 | 2450.00 |

અંકે રૂપિયા : *બે હજાર ચાર સો પચાસ પૂરા.*

રોકડ / ડી.ડી. / ચેકની વિગત રોકડા ડી.ડી. / ચેક નંબર

ડી.ડી. / ચેક તારીખ

બેંક નું નામ

નોંધ :-

| | |
|---|---|
| વળતર | 0.00 |
| ચુકવેલ રકમ | 2450.00 |

Create By : Utsav 06/06/2019 10:06:40AM

વસુલ કરનાર ની સહી અને તારીખ

06/06/2019